# રાંદેરમાં દારૂના અડ્ડા પર જનતા રેડ

**ઉગત** કેનાલ રોડ પર ખુલ્લેઆમ ચાલતા દારૂના અડ્ડા પર કાર્યવાહી, 27 લીટર દેશી દારૂ જપ્ત; એકની ધરપકડ

**ભેસ્તાન,** પાલ અને મહિધરપુરા બાદ હવે રાંદેરમાં દારૂના અડ્ડા સામે જનતા રેડ થઈ, પરંતુ આ રેડ કોંગ્રેસની કે પોલીસની તે મુદ્દે વિવાદ

### સ્થાનિક લોકોએ પોલીસને રજૂઆત કરી હતી

રાંદેર પોલીસ સ્ટેશનના પીઆઈ આર.જે. ચૌધરીએ જણાવ્યું હતું કે ઉગત કેનાલ રોડ વિસ્તારમાં દારૂના અડ્ડા અંગે સ્થાનિક લોકો દ્વારા પોલીસને રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆત મળ્યા બાદ પોલીસ દ્વારા તરત જ કાર્યવાહી કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે પોલીસ રેડ દરમિયાન 27 લીટર દેશી દારૂ કબ્જે કરવામાં આવ્યો છે. આ કેસમાં ધર્મેશ રાઠોડ નામના એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે સઈદ ચીકણો નામના બુટલેગરને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. પીઆઈ ચૌધરીએ વધુમાં જણાવ્યું કે દારૂના અડ્ડાઓ સામે પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે અને શહેરમાં દારૂબંધી કાયદાનો ભંગ કરનાર કોઈને બક્ષવામાં નહીં આવે.



સુરત : રાજ્યમાં દારૂબંધીનો કાયદો અમલમાં હોવા છતાં સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં ખુલ્લેઆમ દારૂના અડ્ડા ધમધમતા હોવાના બનાવો સામે આવી રહ્યા છે. ભેસ્તાન, પાલ અને મહિધરપુરા બાદ હવે રાંદેર પોલીસ સ્ટેશનની હદમાં આવતા ઉગત કેનાલ રોડ પર દારૂના અડ્ડા પર જનતા રેડ કરવામાં આવી છે.

શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાળાની આગેવાનીમાં કોંગ્રેસ કાર્યકરો અને સ્થાનિક લોકો દ્વારા દારૂના અડ્ડા પર રેડ કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. કોંગ્રેસ કાર્યકરોનું કહેવું છે કે લાંબા સમયથી ખુલ્લેઆમ દારૂ વેચાતો હતો અને અનેક વખત રજૂઆતો છતાં કાર્યવાહી ન થતાં અંતે જનતા રેડ કરવાની ફરજ પડી હતી. કોંગ્રેસ દ્વારા રેડ કરવામાં આવતા સ્થળ પર મોટી માત્રામાં દારૂ નજરે પડ્યો હતો. રેડની જાણ થતા જ રાંદેર પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી. નોંધનીય બાબત એ છે કે જે સ્થળે પોલીસે કાર્યવાહી કરવાની હતી, ત્યાં પોલીસ પહોંચે તે પહેલાં કોંગ્રેસ કાર્યકરો પહોંચી ગયા હતા. આ ઘટનાને લઈ હવે પ્રશ્ન ઊભો થયો છે કે દારૂના અડ્ડા પર પ્રથમ રેડ કોણે કરી કોંગ્રેસે કે પોલીસે? બીજી તરફ, રાંદેર પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સ્થાનિક નાગરિકોની રજૂઆતના આધારે પોલીસ દ્વારા રેડ કરવામાં આવી હતી. પોલીસે સ્થળ પરથી 27 લીટર દેશી દારૂ કબ્જે કરી ધર્મેશ રાઠોડ નામના વ્યક્તિની ધરપકડ કરી છે, જ્યારે સઈદ ચીકણો નામના બુટલેગરને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટનાએ રાંદેર વિસ્તારમાં દારૂબંધીના અમલ અને પોલીસની કાર્યવાહી અંગે ફરી એકવાર ચર્ચા જગાવી છે.

# બાયોડાયવર્સિટી પાર્કમાં દારૂની બોટલો મળતાં મનપાની પોલીસ ફરિયાદ

**વધારાના** સિક્યુરિટી ગાર્ડ મૂકવા મેયરનો આદેશ

સુરતઃ અલથાણ-બામરોલી વિસ્તારમાં આવેલા અને એશિયાના સૌથી મોટા ગણાતા અટલબિહારી વાજપેયી બાયોડાયવર્સિટી પાર્કમાં દારૂની ખાલી બોટલો અને પોટલીઓ મળવાના અહેવાલ બાદ સુરત મહાનગરપાલિકા હરકતમાં આવી ગઈ છે. અસામાજિક તત્ત્વોએ પાર્કમાં અડ્ડો જમાવ્યાના ખુલાસા પછી મેયરની સૂચના અનુસાર ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. સાથે જ પાર્કની સુરક્ષા મજબૂત બનાવવા વધારાના સિક્યુરિટી ગાર્ડ તૈનાત કરવાનો નિર્ણય લેવાયો છે. અંદાજે 144 કરોડના ખર્ચે તૈયાર થયેલો 87 હેક્ટર વિસ્તારમાં ફેલાયેલો આ પાર્ક 'સિટી લંગ્સ' સમાન છે, જેમાં 13 કિમી સાઇકલ ટ્રેક અને 9 કિમી વોકિંગ ટ્રેક બનાવાયા છે. પોલીસ ફરિયાદ અને વધારાની સુરક્ષા વ્યવસ્થાના નિર્ણયથી નાગરિકોમાં આશા જાગી છે કે પાર્ક ફરી સ્વચ્છ અને સુરક્ષિત બનશે.

બે દિવસ પહેલા કરોડોના ખર્ચે બનેલા આ ગ્રીન પ્રોજેક્ટમાં ઠેરઠેર દારૂની ખાલી બોટલો જોવા મળતાં ભારે ચકચાર મચી હતી. આ મુદ્દે મેયર દક્ષેશ માવાણીએ ગંભીર નોંધ લઈ જણાવ્યું હતું કે, અટલબિહારી બાયોડાયવર્સિટી પાર્ક સુરતની શાન છે અને તાજેતરમાં જ જાહેર માટે ખુલ્લો મુકાયેલો આ પાર્ક અસામાજિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનવો સહનશીલ નથી. આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે તંત્રને કડક પગલાં લેવા સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. પાલિકાના સિક્યુરિટી વિભાગ દ્વારા પોલીસમાં અરજી કરી આવાં તત્ત્વો સામે ગુનો દાખલ કરવાની માંગ કરવામાં આવી છે. ઉપરાંત પાર્કમાં પેટ્રોલિંગ વધારવા, પ્રવેશ-નિર્ગમ બિંદુઓ પર નજર રાખવા અને સિક્યુરિટી ગાર્ડની સંખ્યા વધારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મેયરે વધુમાં જણાવ્યું હતું કે પાર્કની જાળવણી અને સુરક્ષા માટે પીપીપી ધોરણે ટેન્ડર પ્રક્રિયા પણ ટૂંક સમયમાં અમલમાં મૂકવામાં આવશે.

## સચિનમાં નોકરી છૂટ્યા બાદ ટેન્શનમાં રહેતા રત્નકલાકારનો આપઘાત

સુરતઃ સચિનમાં દિવાળી બાદ નોકરી છૂટ્યા બાદ ટેન્શનમાં રહેતા રત્નકલાકારે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્રના વતની રવિન્દ્ર સિરસાઢ હાલ સચિન ઇક્લેરાગામ ખાતે આવેલ શ્રીકમલમ રેસિડેન્સી વિભાગ-1માં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. રવિન્દ્ર સંચા ખાતામાં નોકરી કરે છે. તેમનો 29 વર્ષીય પુત્ર રાહુલ રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. દિવાળી બાદ રાહુલની નોકરી છૂટી ગઈ હતી. ત્યારબાદ તે સતત ટેન્શનમાં રહેતો હતો. જે ટેન્શનમાં આવીને રવિવારે સાંજે રાહુલે ઘરમાં લોખડના હુક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

## સચિન GIDCમાં પત્ની સાથે ઝઘડો કર્યા બાદ યુવકે ફાંસો ખાધો

સુરતઃ સચિન જીઆઈડીસીમાં પત્ની સાથે ઝઘડો કર્યા બાદ યુવકે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ બિહારના વતની રોહિત દિનેશ ગુપ્તા (ઉ.વ.18 વર્ષ) હાલ સચિન જીઆઇડીસી વિસ્તારમાં આવેલ રામેશ્વર કોલોનીમાં પત્ની નંદની સાથે રહેતો હતો. રોહિત સંચાખાતામાં નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. સોમવારે દારૂના નશામાં પત્ની સાથે ઝઘડો કરીને રૂમમાં ઊંઘવા માટે ગયો હતો. બપોરે તેની પત્નીએ જમવાનું બનાવીને તેને ઉઠાડવા માટે રૂમનો દરવાજો ખખડાવ્યો હતો. પરંતુ રોહિતે ખોલ્યું ન હતું. જેથી આજુબાજુના લોકોને બોલાવીને દરવાજો તોડીને જોયું તો રોહિતે પંખા સાથે સાડી બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. રોહિતના પાંચ મહિના પહેલાં જ લગ્ન થયા હતા. તેમજ તેની પત્નીને ત્રણ મહિનાનો ગર્ભ હતો.

## કતારગામ દરવાજા પાસે ટ્રકને ઓવરટેક કરવામાં યુવકનું મોત

સુરતઃ કતારગામ દરવાજા પાસે ટ્રકચાલકે અડફેટે લેતાં કોસાડના યુવકનું મોત નીપજ્યું હતું. ટ્રકને ઓવરટેક કરવા જતાં અકસ્માત સર્જાયો હતો. મળેલી માહિતી મુજબ, કોસાડ આવાસમાં મોહમ્મદ અલ્હાજ ઈરફાન પટેલ (21) પરિવાર સાથે રહેતો હતો. અલ્હાજ સરદાર માર્કેટમાં મજૂરી કામ કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. સોમવારે સવારે અલ્હાજ બાઇક લઈને નોકરી પર જઈ રહ્યો હતો. ત્યારે કતારગામ દરવાજા પાસે ટ્રકને ઓવરટેક કરવા જતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર ઈજાને કારણે અલ્હાજનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. બનાવને પગલે કતારગામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ઠંડી ડિસેમ્બરમાં ઠંડી પડી ગઈ, સ્વેટર-જેકેટ હજુ પણ નવરાં

**આખો** ડિસેમ્બર પતી ગયો, પરંતુ કડકડતી ઠંડીથી સુરતીઓ હજુ વંચિત

સુરતઃ સુરત શહેરમાં આ વર્ષે સમગ્ર ડિસેમ્બર મહિનો પૂર્ણ થવા છતાં શહેરમાં સામાન્ય રીતે જોવા મળતી કડકડતી ઠંડીનો અનુભવ નહીં થતાં નાગરિકોમાં આશ્ચર્ય જોવા મળી રહ્યું છે. દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ યથાવત રહેતાં શિયાળાની અસર નબળી જણાઈ રહી છે.

આજે શહેરમાં મહત્તમ તાપમાન 0.8 ડિગ્રીના વધારા સાથે 33 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 0.6 ડિગ્રીના ઘટાડા સાથે 18.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. વહેલી સવારે હળવી ઠંડક અનુભવાઈ હતી, પરંતુ સૂર્ય ઉગતા જ ગરમીનો પ્રભાવ વધતો ગયો હતો.

આજે શહેરમાં હવામાં 41 ટકા સાપેક્ષ ભેજ નોંધાયો હતો. સાથે જ પશ્ચિમ દિશામાંથી 4 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા વાતાવરણમાં શુષ્કતા જોવા મળી હતી. નિષ્ણાતોનું માનવું છે કે ભેજનું પ્રમાણ ઓછું અને પવનની દિશા બદલાતી રહેતાં ઠંડીનું પ્રમાણ ઘટી રહ્યું છે. ડિસેમ્બર મહિનો પૂરું થવા આવ્યો હોવા છતાં સ્વેટર-જેકેટ જેવી શિયાળાની વસ્ત્રોનો ઉપયોગ ખૂબ ઓછો જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે આ સમયગાળામાં ઠંડીનો ચરમ અનુભવ થતો હોય છે, પરંતુ આ વર્ષે હવામાનના બદલાતા સ્વભાવને કારણે શિયાળો નરમ રહ્યો છે. આગામી દિવસોમાં તાપમાનમાં ઘટાડો થશે કે નહીં તે અંગે લોકો હવામાન વિભાગની આગાહી પર નજર રાખી રહ્યા છે.

# સંસ્કૃતિ જાળવી મૂળ સુરતને હેરિટેજનો દરજ્જો આપવા માંગ

**પ્રાચીન** સુરત ગ્રુપ દ્વારા સંસ્કૃતિ અને પ્રવાસન વિભાગનો હવાલો સંભાળતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને રજૂઆત

સુરતઃ તળ સુરતને એના મૂળ સુરત તરીકે સાચવી હેરિટેજનો દરજ્જો જાહેર કરવાની માંગ સાથે SVNITના રિસર્ચ ફેલો ડૉ.પંકજ ગાંધીના નેતૃત્વમાં "પ્રાચીન સુરત ગ્રુપ" દ્વારા સંસ્કૃતિ અને પ્રવાસન વિભાગનો હવાલો સંભાળતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને રજૂઆત કરવામાં આવી છે.

મૂળ સુરતીઓ તળ સુરતમાંથી પોતાના અસ્સલ શેરી મહોલ્લેથી મોટાપાયે હિજરત કરી શહેરના અન્ય વિસ્તારમાં વસવા જઈ રહ્યાં છે, જેનું કારણ સમગ્ર કોટ વિસ્તારોમાં ગેરકાયદે દબાણો, અસ્વચ્છતા અને પિક અવર્સમાં બેહદ ટ્રાફિકજામ અને જરૂરી એવી પાર્કિંગની વ્યવસ્થાના અભાવે સમસ્યા વકરતી જઈ રહી છે. મૂળ સુરતની ધરોહર એવા શેરી મહોલ્લાની પંચરંગી સામાજિક સંસ્કૃતિને સાચવવા સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતમાં કલ્ચરલ હબ બનાવવા મનપાના બજેટમાં, ભૂતકાલીન સમયે જાહેરાતો પણ થયેલી હતી. પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે, એ બાબતના કોઈ જ પરિણામ દેખાતા નથી. જો ખરેખર તેનો અમલ કરવામાં આવે તો રાહદારીને અને સુરતીઓને રોજીંદી કનડગત ઉદ્ભવે જ નહીં. શહેરના વિકાસની સાથોસાથ મૂળ સંસ્કૃતિને પણ સાચવવા એક નક્કર યોજના બનાવવામાં આવે, જેથી શહેરના વિકાસ સાથે જરૂરી મૂળભૂત ઓળખ પણ જળવાઈ રહેવી જોઈએ.

સરકાર દ્વારા પુરાતત્વ વિભાગના માધ્યમથી ઐતિહાસિક ઈમારતો અને સ્થળોની વિગતો એકત્રિત કરી તેની જાળવણી કરાય તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવે. દરેક એપાર્ટમેન્ટમાં પાર્કિંગ ફરજીયાત કરવામાં આવે, ફૂટપાથ પગપાળા ચાલવા માટે ખુલ્લી કરવામાં આવે, રેંકડી, પાથરણા, ફેરિયાઓ માટે સ્ટ્રીટ વેન્ડિંગ ઝોન ઊભા કરવામાં આવે, સુરતની ઓળખ સમાન શેરી મહોલ્લાના નામો વંચાય એ રીતે સ્ટ્રીટ લાઈટ મૂકી તમામ રસ્તાઓ RCCના બનાવવામાં આવે. ઓલ્ડ સિટી કન્ટેનર ફ્રી થયું પણ એ જગ્યાએ ભેગો થતો કચરો તળ સુરતને ગંદુ બનાવે છે.

# આજે મનપાની સામાન્ય સભા 'ઓડિટ રિપોર્ટ' અને દબાણો મુદ્દે વિપક્ષ શાસકોને ઘેરવાના મૂડમાં

**ઓડિટ** રિપોર્ટમાં વાંધાઅરજીઓ સામેની કાર્યવાહીના રિપોર્ટ સાથે સાધારણ સભામાં ઓડિટરને હાજર રાખવા વિપક્ષની માંગ

સુરતઃ આજે સુરત મનપાની સામાન્ય સભા બપોરે 11 વાગ્યે મળનાર છે, જેમાં છેલ્લા ચાર વર્ષના હિસાબો સાથે ઓડિટરને હાજર રાખવાની માંગ સાથે વિપક્ષે રજૂઆત કરી છે. આ ઉપરાંત થોડા સમયથી દબાણોની રાજનીતી ગરમાઈ રહી છે. ત્યારે રસ્તા પરના દબાણોના ન્યુસન્સને નાથવામાં નિષ્ફળ શાસકો સામે પણ વિપક્ષ સરસંધાન કરે તેવી શકયતા છે.

વિપક્ષે આ બાબતે મેયર દક્ષેશ માવાણીને પત્ર લખી પાલિકાની વહીવટી કામગીરીમાં થયેલી ક્ષતિઓ અંગે સ્પષ્ટતા માગી છે. પત્રમાં ઉલ્લેખ કરાયો છે કે ઓડિટ રિપોર્ટમાં વાંધાઓ દર્શાવવામાં આવેલા હોવા છતાં કયા કારણોસર તે ઓડિટ વાંધા કમિટી સમક્ષ રજૂ કરવામાં આવ્યા નથી, તેનો ખુલાસો કરવામાં આવે. સાથે જ, વિવિધ પ્રોજેક્ટોની કામગીરી સંદર્ભે ઓડિટ વિભાગ દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓના નિકાલ માટે પાલિકા તંત્ર દ્વારા કઈ કાર્યવાહી કરવામાં આવી છે, તેની વિગતવાર માહિતી પણ માંગવામાં આવી છે.

હવે સામાન્ય સભામાં આ મુદ્દે શાસક પક્ષ શું વલણ અપનાવે છે તેની ઉપર રાજકીય અને વહીવટી વર્તુળોમાં નજર રાખવામાં આવી રહી છે.

## મીડિયેશન સેન્ટરમાં એક દંપતી જોડાયું, બીજું છૂટું પડ્યું

સુરતઃ લીગલ સર્વિસ ઓથોરિટીના મિડીયેશન સેન્ટરમાં બે સમાધાનના કેસ પૈકી એક દંપતિએ ફરી ઘરસંસાર માંડવાનો નિર્ણય લીધો હતો, જ્યારે બીજા દંપતીએ અલગ થવા સમાધાનનો માર્ગ પસંદ કર્યો હતો. પ્રથમ કેસમાં કતારગામ વિસ્તારમાં એક દંપતિ વચ્ચે લગ્નજીવનના ટૂંકા સમયમાં જ તકરાર ઊભી થતાં છેલ્લા બે વર્ષથી અલગ રહેતા હતા. આ દંપતિએ રાજીખુશીથી અલગ થવાનો નિર્ણય લીધો હતો. જ્યારે બીજા કેસમાં લિંબાયતના દંપતિનો કેસ મિડીયેશન સેન્ટરમાં આવતા વકીલ કલ્પનાબેન પાઠકની ઉપસ્થિતમાં આ દંપતિએ ફરીથી ઘર સંસારમાં પરત ફરવાનો નિર્ણય લીધો હતો અને ઘરેલું હિંસા સંદર્ભેનાં કેસ પરત લેવાનો નિર્ણય આ દંપતિ દ્વારા લેવામાં આવ્યો હતો.

નાયલોન વિવર્સ એસોસિએશન સુરતની વળતી લડત રંગ લાવી

# નાયલોન યાર્ન પર એન્ટીડમ્પિંગ ડ્યૂટીના અભ્યાસ માટે વધુ 3 માસનો સમય

**વિવર્સે** રજૂ કરેલા આંકડાઓનો અભ્યાસ કરી 25 માર્ચ, 2026 સુધી ફેક્ટ ફાઇન્ડિંગ રિપોર્ટ આપવા TRU-I નો આદેશ

સુરત : ચીન અને વિયેતનામથી નિકાસ કરાયેલા નાયલોન ફિલામેન્ટ યાર્નની આયાત સંબંધિત એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી તપાસ પૂર્ણ કરવા માટે સમયમર્યાદા લંબાવવામાં આવી છે. નાયલોન વિવર્સ એસોસિએશન સુરતના પ્રમુખ મયુર ચેવલી અને વિવર્સ અગ્રણી મયુર ગોળવાલા દ્વારા રજૂ કરવામાં આવેલી આંકડાકીય વિગતો પછી કેન્દ્રના નાણા મંત્રાલય મહેસૂલ વિભાગ (કર સંશોધન એકમ) દ્વારા ડાયરેક્ટર જનરલ ઓફ ટ્રેડ એન્ડ રેમેડિઝને ફાઈનલ ફેક્ટ ફાઈન્ડિંગ ચુકાદો કે ભલામણ કરતા પહેલા ટેક્નિકલ ઓફિસર, TRU-I દેબજ્યોતિ બર્મને DGTR ડાયરેક્ટર સી.કે. મિશ્રાને લખેલા ઓર્ડરમાં જણાવ્યું છે કે, આ વિષયને લગતા 27 નવેમ્બર, 2025 ના રોજ F. નં. 6/48/2024-DGTR દ્વારા તમારા પત્રનો સંદર્ભ લેવા અને જણાવવા માટે નિર્દેશિત કરવામાં આવે છે કે કેન્દ્ર સરકારે 25 માર્ચ, 2026 સુધી, પૂર્ણ તપાસ કરવા માટે સમયમર્યાદા લંબાવવાની મંજૂરી આપી છે.

નાયલોન યાર્ન વિવર્સ એસોસિએશનના પ્રમુખ મયુર ચેવલી અને વિવર અગ્રણી મયુર ગોળવાલાએ જણાવ્યું છે કે સુરતના નાયલોન યાર્નના કેટલાક ઉત્પાદકોએ ચીન અને વિયેતનામથી આયાત થતાં નાયલોન યાર્નને કારણે ડોમેસ્ટિક સ્પિનર્સને નુકશાન થઈ રહ્યું હોવાની ફરિયાદ DGTRમાં એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લાગૂ કરવાની દાદ માંગતી પીટીશન દાખલ કરી હતી. આ પીટીશન પર ઝીણવટભરી તપાસ (ઈન્વેસ્ટીગેશન) માટે ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડીને પૂરા એક વર્ષનો સમયગાળો આપવામાં આવ્યો હતો. આ એક વર્ષનો સમયગાળો ગઈ તા.26મી ડિસેમ્બર 2025ના રોજ પૂર્ણ થઈ ચૂક્યો છે. આમ છતાં ડીજીટીઆર દ્વારા નાયલોન યાર્ન પર એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લાગૂ કરવા સંદર્ભે તપાસ પૂરી થઈ શકી ન હતી. આથી તેમણે વધુ તપાસ માટે વધારાની સમયની માગણી કરી હતી.

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલની હકીકત

# સ્ટાફની અછત, આયોજનના અભાવે દર્દીઓ કલાકો સુધી દવા વિના તડપ્યા

**સોમવારે** દર્દીઓની ભીડ હોવાની જાણ હોવા છતાં કોઈ આયોજન કર્યું નહોતું

સુરતઃ સ્મીમેર હોસ્પિટલમાં દરરોજ હજારો દર્દીઓ સારવાર માટે આવે છે અને સોમવારના દિવસે ભીડ વધે છે, તે કોઈ રહસ્ય નથી. તેમ છતાં, સોમવાર માટે વધારાના સ્ટાફની વ્યવસ્થા ન કરવી એ હોસ્પિટલ તંત્રની ગંભીર નિષ્ફળતા દર્શાવે છે. દવા વિતરણ માટેની બે બારી પર સ્ટાફ ગેરહાજર રહેતા ખુરશીઓ ખાલી દેખાઈ હતી, જ્યારે દર્દીઓ લાઈનમાં બેભાન થવાની કગાર પર પહોંચી ગયા હતા.

લાંબા સમય સુધી ઊભા રહેવાના કારણે વૃદ્ધ દર્દીઓ, મહિલાઓ અને ગંભીર બીમારી ધરાવતા દર્દીઓની હાલત કફોડી બની હતી. દવા સમયસર ન મળતાં હોસ્પિટલ તંત્ર સામે ભારે નારાજગી જોવા મળી હતી. "દવા લેવા માટે પણ લડવું પડે, તો આવી હોસ્પિટલનો શું ઉપયોગ?"એવા સવાલો દર્દીઓ ઉઠાવી રહ્યા હતા.

### સ્ટાફ ભરતી અંગે વર્ષોથી રજૂઆત પણ..

સ્મીમેર હોસ્પિટલમાં જરૂરી સ્ટાફની ભરતી માટે વર્ષોથી રજૂઆતો થતી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ ઠોસ પગલાં લેવામાં આવ્યા નથી. પરિણામે, આવી અવ્યવસ્થાઓ વારંવાર સર્જાય છે અને તેનો ભોગ સામાન્ય દર્દીઓને બનવું પડે છે. સૂત્રો અનુસાર, સ્ટાફની અછત હવે 'સ્થાયી સમસ્યા' બની ગઈ છે, પરંતુ જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે.

### રજા-ઇમર્જન્સીનું રટણ કરી તંત્રનો લૂલો બચાવ

હોસ્પિટલના અધિકારીઓએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે એક કર્મચારીએ અગાઉથી રજા લીધી હતી અને બીજા કર્મચારીને અચાનક ઇમર્જન્સી કારણે રજા લેવી પડી હતી. જો કે, દર્દીઓના ધસારાની જાણ થતાં વધારાનો સ્ટાફ મોકલવામાં આવ્યો હતો, એમ તંત્રએ દાવો કર્યો છે.

## ભાટપોરમાંથી ૭.૬૯ લાખનો દારૂ અને ટેમ્પો જપ્ત

સુરતઃ ભાટપોર જી.આઈ.ડી.સી. નજીક આવેલી ઓમકાર રેસિડેન્સીના પાર્કિંગમાં રેઈડ કરી પોલીસે એક ટાટા ટેમ્પામાંથી ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની નાની-મોટી કુલ ૧,૪૪૦ બોટલો શોધી કાઢી હતી. અંદાજે રૂપિયા ૨,૫૯,૩૪૪નો દારુ અને ટાટા ટેમ્પો મળી પોલીસે કુલ રૂપિયા ૭,૬૯,૩૪૪નો મુદ્દામાલ કબજે લીધો હતો. અહીંથી પોલીસે છોટુકુમાર મોહનરામ પ્રજાપિત (ધંધોઃ ડ્રાઈવર, હાલ રહે. જલારામ સોસાયટી, પાલી ગામ, સચીન; મુળ વતનઃ ગામ દૌલતગઢ, થાણા આસીંદ બિંદુ, જી. ભિલવાડા, રાજસ્થાન) ને સ્થળ પરથી ઝડપી પાડ્યો હતો. દારૂનો જથ્થો મોકલનાર ભવરસિંહને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે. આ કાર્યવાહી ઈન્સ્પેક્ટર એ.સી. ગોહીલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.




# સેન્ટ્રલ ઝોનમાં દબાણ-ગંદકીના અડ્ડા સામે સખત કાર્યવાહી કરો

**પૂર્વ** કોર્પોરેટર આફ્રિકાવાલાનો મનપા કમિશનરને પત્ર, કિલ્લાની બહાર, દયાળજી બાગ, આર્ય સમાજની ગલી સહિતની જગ્યાઓ પર ન્યૂસન્સ હટાવવા માંગ

### કરોડોના ખર્ચે રીસ્ટોર થયેલા કિલ્લાની દીવાલને દબાણકર્તાઓ ખોતરી રહ્યા છે

પૂર્વ કોર્પોરેટરના પત્રમાં જણાવ્યા મુજબ, ચોકબજાર કિલ્લાની બહાર ફૂટપાથ ઉપર દાણા-ચણા વેચવાના બહાને કિલ્લાની દીવાલને અડીને ઝુંપડું બનાવી પરિવારો વસવાટ કરી રહ્યા છે. જેના કારણે ઐતિહાસિક કિલ્લાની દીવાલને નુકસાન પહોંચી રહ્યું છે. કિલ્લાની બહારના ભાગે તેમજ મહેતા પેટ્રોલ પંપની સામે અને બાજુમાં થયેલા ગેરકાયદે દબાણોથી ટ્રાફિક સતત ખોરવાઈ રહ્યો છે. ચોકબજાર કમાલગલીથી મુખ્ય રોડ સુધી લારી-ગલ્લાંના દબાણોથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ગેરકાયદે દબાણો અને ગંદકી સામે ઝુંબેશ શરૂ કરાઈ હોવા છતાં સેન્ટ્રલ ઝોનના અનેક વિસ્તારોમાં હકીકત અલગ જ જોવા મળી રહી છે. ચૌટાબજાર અને રાજમાર્ગ પર આક્રમક કાર્યવાહી ચાલે છે, પરંતુ ઝોનના આંતરિક અને સંવેદનશીલ વિસ્તારોમાં દબાણો અને ગંદકી યથાવત રહેતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મુદ્દે સેન્ટ્રલ ઝોનના પૂર્વ કોર્પોરેટર દીપક આફ્રિકાવાલાએ મનપા કમિશનરને પત્ર લખી ગંભીર રજૂઆત કરી છે.

પત્રમાં જણાવાયું છે કે, 'ગુજરાતમિત્ર'ની બાજુમાં પ્લેનેટોરિયમ, દયાળજી બાગ પાસેના બગીચા, ઝુંપડા અને લારી-ગલ્લાં તેમજ સાગર રેસ્ટોરન્ટ સામે ચા વેચનારાઓના દબાણોથી રસ્તા પર અવરોધ ઊભો થયો છે. ઝીંગાના વેપારીઓ અને તેની સામે જુની સિવિલ હોસ્પિટલની દીવાલને અડીને ઉભા કરાયેલા લારી-ગલ્લાં પણ ટ્રાફિક માટે ગંભીર જોખમરૂપ બન્યા છે. બડેખાં ચકલાં હીઝડાવાડ મસ્જિદ પાસેની આંગણવાડી અને ગોપીપુરા મોમનાવાડ આંગણવાડીની આસપાસ આખો દિવસ કચરાના ઢગલાં રહેતા હોવાથી નાના બાળકોના સ્વાસ્થ્યને સીધો ખતરો ઉભો થયો છે અને લારી-ગલ્લાંથી ભારે ન્યૂસન્સ સર્જાયું છે. આ ઉપરાંત ખપાટીયા ચકલાં, લલ્લુજી મહાપ્રભુ મંદિર તરફ જતો મુખ્ય માર્ગ, મહાદેવ મંદિર સુધીનો રસ્તો, સોનીફળીયા આર્ય સમાજ મંદિરની ગલી અને પારેખ ટેકનિકલ કોલેજના ખાંચામાં દિવસ-રાત કચરાના ઢગલાં અને દુર્ગંધથી સ્થાનિકો ત્રસ્ત છે. પૂર્વ કોર્પોરેટર દીપક આફ્રિકાવાલે પત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, મનપા માત્ર ચૌટાબજાર અને રાજમાર્ગ સુધી સીમિત કાર્યવાહી કરીને સંતોષ માને નહીં.